THE SCIENCE WORLD
A Monthly e Magazine
ISSN:2583-2212
Popular Article
January, 2026 Vol.6(1), 35-39

# કેનાઈન ડીસ્ટેમ્પર" – શ્વાનમાં જોવા મળતો ગંભીર વાઈરલ રોગ

**ડો. ચિત્રા ચૌહાણ, ડો. વૃષ્ટિ પટેલ, ડો. અદિતિ પટેલ, ડો. દ્રષ્ટિ પટેલ*, ડો. પાયલ રાણે અને ડો. સી. એમ. ભાડેસિયા**

વેટરનરી મેડીસીન વિભાગ

પશુપાલન અને પશુચિકિત્સા મહાવિદ્યાલય

કામધેનુ યુનિવર્સિટી, રાજપુર (નવા), હિંમતનગર-૩૮૩૦૧૦

DOI:10.5281/ScienceWorld.18206108

મનુષ્ય વર્ષોથી પશુ-પક્ષી અને પ્રાણીઓની વિભિન્ન પ્રજાતિઓને પાલતું તરીકે અથવા અન્ય કામગીરી અર્થે રાખવાનો આગ્રહ રાખતો આવ્યો છે કે જેમાં શ્વાન (કુતરા) "મનુષ્યના શ્રેષ્ઠ મિત્ર" (Men's Best Friend) તરીકે ઓળખાય છે. પાલતું જાનવર તરીકે રાખી શકાય તેવી શ્વાનની ઘણી બધી ઓલાદો/બ્રીડ છે જેમાં લેબ્રાડોર રીટ્રાઈવર, જર્મન શેફર્ડ, ડોબરમેન, સ્પીત્ઝ, પોમેરેનિયન, પગ, ગોલ્ડન રીટ્રાઈવર વગેરેનો સમાવેશ થાય છે. આજના યુગમાં શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમાં પ્રજાજનો વિવિધ પ્રકારના શ્વાન રાખતા હોય છે અને આવા લોકોની સંખ્યા દિવસે ને દિવસે વધતી જાય છે. ગ્રામ્ય વિસ્તારમાં રહેતા લોકો ઘણી વખત દેશી પ્રજાતિના શ્વાનને પાલતું તરીકે રાખે છે. ઘણી વખત સેવાભાવી અને સંવેદનશીલ લોકો મુક્ત રીતે વિચરતા શ્વાનને ખોરાક આપતા હોય છે અને જરૂર જણાયે બીમાર અને અનાથ શ્વાનને સારવાર માટે નજીકના પશુચિકિત્સાલય પર લઈ જતાં હોય છે. ઘણા શહેરોમાં સરકારી અને બિનસરકારી સંસ્થાઓ આવા શ્વાનની સારવાર માટે વર્ષોથી ઉત્કૃષ્ટ સેવાઓ આપી રહી છે.

પાલતું શ્વાન રાખવા માટે તેના માલિકોને શ્વાનના માવજત સંબંધિત ઘણી બધી બાબતોનું ધ્યાન રાખવાનું હોય છે કે જેમાં સમયસર કૃમિનિવારણ, રસીકરણ, નવડાવવાની પધ્ધતિ, ખોરાકની જરૂરિયાત વગેરે જેવી બાબતોનો સમાવેશ થાય છે. આમાં રસીકરણની વાત કરીએ તો ઘણા વર્ષોથી શ્વાન માટે વિવિધ પ્રકારના જીવલેણ રોગો જેવા કે કેનાઈન પાર્વો વાઈરસ, કેનાઈન ડીસ્ટેમ્પર વાઈરસ, લેપ્ટોસ્પાઈરોસીસ વગેરે જેવા રોગો વિરુદ્ધ રસીઓ ઉપલબ્ધ છે અને લોકો તેના શ્વાનમાં



Official Website
www.thescienceworld.net
thescienceworldmagazine@gmail.com
Published 06/01/2026

રસી મુકાવતા હોય છે. આ તમામ પ્રકારના રોગો ખુબજ ગંભીર છે અને એટલેજ તેના માટે રસી બનાવવામાં આવેલ છે. પરંતુ, આજે પણ ઘણા લોકો આ પ્રકારની વ્યવસ્થાથી અજાણ હોય છે અથવા આર્થિક કે અન્ય કારણસર પોતાના પાલતું શ્વાનનું રસીકરણ કરાવાતા નથી. રસીકરણ ન કરવાથી શ્વાનને આ પ્રકારના રોગો વિરૂધ્ધ રક્ષણ મળતું નથી અને તેને ચેપ લાગતા બીમાર પડે છે, સારવાર કરાવવી પડે છે અને અકાળે મૃત્યુ પણ પામે છે. આથી, આવા જ એક 'કેનાઈન ડીસ્ટેમ્પર' નામના રોગ વિષે શ્વાન પાલકો માટે સન્ક્ષિપ્ત માહિતી આ લેખ સ્વરૂપે પહોંચાડવાનો પ્રયત્ન આ લેખમાં કરવામાં આવેલ છે.

**"કેનાઈન ડીસ્ટેમ્પર"** એ રસી મુકાવ્યા વગરના મુક્ત રીતે વિચરતા/રખડતા દેશી તેમજ પાલતું કુતરામાં થઈ શકે તેવો એક જીવલેણ વાઈરલ (વાઈરસથી થતો) રોગ છે જે હાલની પરિસ્થિતિએ માણસોને અસર કરતો નથી. તેને "હાર્ડપેડ ડીસીઝ" અથવા "ફૂટપેડ ડીસીઝ" પણ કહે છે. આ વાયરસ શરીરના અનેક તંત્રો પર અસર કરે છે (દા.ત., ચામડી, પાચનતંત્ર, શ્વસનતંત્ર, ચેતાતંત્ર).

## ❖ રોગનું કારણ:

- ✓ રોગ ફેલાવતો વાઈરસ *પેરામીક્ઝો વાઈરસ* અથવા *કેનાઈન ડીસ્ટેમ્પર વાઈરસ* તરીકે ઓળખાય છે.

## ❖ રોગનો ફેલાવો:

- ✓ આ રોગ મુખ્યત્વે બીમાર પ્રાણીના ઉધરસ અથવા છીંક દરમિયાન હવામાં ફેલાતા સૂક્ષ્મ ટીપાં (એરોઝોલ ડ્રોપ્લેટ્સ) દ્વારા ફેલાય છે.
- ✓ તદ્ઉપરાંત, સંક્રમિત પ્રાણીના મૂત્ર, મળ (વિષ્ઠા), અથવા દૂષિત થયેલા ખોરાક તથા પાણીના વાસણોના સીધા સંપર્ક દ્વારા પણ આ રોગ ફેલાઈ શકે છે.
- ✓ રસીકરણ ન થયેલ હોય તેવા શ્વાન જો બીમાર/રોગથી પીડિત શ્વાનના સીધા સંપર્કમાં આવે તો આ રોગ ફેલાઈ શકે છે.

## ❖ રોગના લક્ષણો:

- ✓ શરૂઆતના ૦૩ થી ૦૬ દિવસ દરમિયાન શ્વાનમાં તાવ ચડતો-ઉતરતો રહે છે અને રોગપ્રતિકારક શક્તિમાં ઘટાડો થાય છે.
- ✓ શ્વાનના નાકમાંથી શરૂઆતમાં પાણી જેવો અને ત્યારબાદ ચીકણો સ્ત્રાવ નીકળે છે તેમજ નસકોરા આસપાસનો ભાગ સુકો અને કડક બનતો જોવા મળે છે.



Official Website
www.thescienceworld.net
thescienceworldmagazine@gmail.com
Published 06/01/2026

- ✓ અસરગ્રસ્ત શ્વાનને શ્વાસ લેવામાં તકલીફ પડે છે તથા છીંક અને ખાંસી આવવી સામાન્ય થઈ જાય છે.
- ✓ શ્વાનની આંખોમાંથી પ્રવાહી નીકળે છે, લાળ ઝરે છે, ખોરાક લેવાનો બંધ થઈ જાય છે અને ઘણીવાર ઉલટી પણ થાય છે.
- ✓ શ્વાનની પાચન પ્રક્રિયા બગડવાથી ઝાડા થાય છે, જેમાં ક્યારેક રક્તસ્રાવ પણ જોવા મળી શકે છે.
- ✓ સમય જતાં શારીરિક નબળાઈ આવે છે, વજન ઉતરી જાય છે અને શ્વાન માથું નમેલું રાખે છે.
- ✓ શ્વાનના પગની ગાદી સુકી અને કડક થઈ જતાં ચાલવામાં તકલીફ પણ પડી શકે છે.
- ✓ લાંબા સમય સુધી ચેપ લાગ્યો હોય ત્યારે ચેતાતંત્રના અંગો પર અસર થવાથી જડબા, પગ, કાન, માથાનો ભાગ, પૂંછ જેવા અંગોમાં આપમેળે ખેંચ આવવા/ધ્રુજારી થવાના લક્ષણો જોવા મળે છે.
- ✓ આવી ધ્રુજારી/આંચકા કુતરું સુતું હોય ત્યારે પણ થઈ શકે છે. શરીરમાં આંશિક કે સંપૂર્ણ રીતે ખેંચ/જટકી/આંચકા આવે અને કોરીઆ / "સેન્ટ વીટસ ડાંસ" (શરીરના જે-તે ભાગ પર ધ્રુજારી/ખેંચ આવવાથી અપાયેલ નામ) જોવા મળે છે.
- ✓ શરીરમાં આંચકી સાથે-સાથે જડબામાં આચંકા આવતા હોઈ તેને "ચ્યુઈંગમ ફીટ્સ" પણ કહે છે.
- ✓ છેલ્લે શ્વાન ઉભું થવાની ક્ષમતા ગુમાવે છે, પેરાલિસીસ થવાની સંભાવના રહે છે અને તેનું મૃત્યુ પણ થઈ શકે છે



## ❖ રોગનું નિદાન:

- ✓ શ્વાનપાલકે પશુચિકિત્સકને શ્વાનમાં આ રોગની સંભાવના હોય તો તેના વિશે સંપૂર્ણ અને વિગતવાર માહિતી (હિસ્ટ્રી) આપવી અત્યંત જરૂરી છે.



Official Website
www.thescienceworld.net
thescienceworldmagazine@gmail.com
Published 06/01/2026

- ✓ શ્વાનપાલકે આ રોગની સારવાર જાતે કરવી હિતાવહ નથી. હમેશા નજીકના પશુચિકિત્સાલય પર જઈ પશુચિકિત્સકનો સંપર્ક કરવો હિતાવહ છે.
- ✓ શ્વાનપાલકે હિસ્ટ્રી આપ્યા બાદ પશુચિકિત્સક શ્વાનની શારીરિક તપાસ કરીને રોગના ચિન્હો જોઈ શકે છે.
- ✓ અમુક મુદ્દાઓ જેવાકે: રસીકરણ ન કરેલ હોય, પાલતું શ્વાન રખડતા રસીકરણ કર્યા વગરના શ્વાનના સીધા સંપર્કમાં આવેલ હોય, નાક અને આંખમાંથી પ્રવાહીનું ઝરવું, શ્વાસ લેવામાં તકલીફ, નાક અને પગની ગાદી સુકી અને કડક થઈ જવી, વજન ઓછો થવો, ઝાડા થવા, ખુબજ તાવ આવવો અને ફરી થોડું નોર્મલ થયા બાદ અચાનક ફરીથી તાવ આવવો, આરામની મુદ્રામાં શ્વાનનાં માથાના ભાગે ધ્રુજારી આવે/પગ ખેંચાય વગેરે જેવા મુદ્દાઓ પરથી પશુચિકિત્સક શ્વાનમાં આ રોગ હોવાની શંકા કરી શકે છે.
- ✓ રોગનિદાન માટે પશુચિકિત્સકો રેપિડ ટેસ્ટ કિટ્સ ઉપલબ્ધ હોય તો તેનો ઉપયોગ કરે છે.
- ✓ ઘણી વખત આંખ અને નાકમાંથી ઝરતા સ્ત્રાવના નમૂનાઓ લઈ લેબોરેટરી તપાસ કરવી જરૂરી છે અને જરૂર જણાય ત્યારે RT-PCR જેવી આધુનિક નિદાન પદ્ધતિઓનો પણ ઉપયોગ કરવામાં આવે છે.

## ❖ રોગની સારવાર અને અટકાવ:

- ✓ રોગના નિદાન અને સારવાર માટે પશુચિકિત્સકની સલાહ લેવી હિતાવહ છે.
- ✓ આ રોગની કોઈ સચોટ દવા નથી પરંતુ રોગમાં જોવા મળતા લક્ષણોને આધારે શ્વાનની સારવાર કરવામાં આવતી હોય છે.
- ✓ સારવાર બીમાર શ્વાનની સપોર્ટિવ દવાઓ અને સારસંભાળ પર કેન્દ્રિત હોય છે, જેમાં ડિહાઇડ્રેશન દૂર કરવા માટે ફ્લુઇડ થેરાપી, વાઈરલ રોગો સાથે થઈ શકે તેવા જીવાણુજન્ય/બેક્ટેરિયલ ચેપ માટે એન્ટીબાયોટિક્સ અને ખેંચ આવવા જેવી સ્થિતિમાં એન્ટી-કન્વલ્ઝન્ટ દવાઓનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. તદુપરાંત, જરૂરિયાત અને ઉપલબ્ધીને ધ્યાને લઈ પશુચિકિત્સકો ઈમ્યુનોગ્લોબ્યુલીન્સનો પણ ઉપયોગ કરી શકે છે.
- ✓ જો રોગ શરૂઆતમાં જ ઓળખાઈ જાય તો શ્વાનને બચાવવાના પ્રયત્નો સફળ સાબિત થઈ શકે છે પરંતુ દરેક કિસ્સામાં સારવારના તમામ પ્રયત્નો કરવા છતાં ૧૦૦% સારું પરિણામ મળે તેમ હોતું નથી.



Official Website
www.thescienceworld.net
thescienceworldmagazine@gmail.com
Published 06/01/2026

✓ વહેલા નિદાન થવાથી જીવ બચાવવાના પ્રયત્નો કરી શકાય પરંતુ, જ્યારે બીજા ચિહ્નો સાથે-સાથે ચેતાતંત્રના અંગો પર અસર થવા માંડે છે ત્યારે ઘણા કિસ્સામાં શ્વાનનો જીવ બચાવવો ખુબજ મુશ્કેલ બની જાય છે.

## ❖ રોગનો અટકાવ:

- ✓ શ્વાનમાં સમયસર રસીકરણ કરાવવું એ આ રોગના અટકાવ માટે મહત્વનું પાસું છે.
- ✓ નવા ખરીદેલ કે બહારથી લાવેલ શ્વાન રસી કરેલ છે કે કેમ તે પણ તપાસવું/જાણવું જોઈએ.
- ✓ આ રોગના લક્ષણોવાળા અને સચોટ નિદાન થયેલ કુતરાને બિનજરૂરી સ્થળાંતર ન કરવું જોઈએ અને દવાખાના પ્રાંગણમાં છુટ્ટું ફરવા દેવું ના જોઈએ.
- ✓ રોગથી પીડિત શ્વાનને જ્યાં રાખેલ છે તે જગ્યા તથા જે વાહનમાં તેની હેરફેર કરવામાં આવે છે તેને પણ સાફ કરવું જરૂરી છે.
- ✓ રસી અપાવી ન હોય તેવા તંદુરસ્ત શ્વાનને બીમાર શ્વાનથી દુર રાખવું જોઈએ.
- ✓ માત્ર શારીરિક તપાસ કે અન્ય બીમારીની સારવાર માટે (દા.ત., ચામડીનાં રોગો માટે) શ્વાનને પશુદવાખાના પર લઈ જવામાં આવે ત્યારે કેનાઈન ડીસ્ટેમ્પર જેવા ગંભીર રોગોથી અસરગ્રસ્ત શ્વાનના સંપર્કમાં પોતાનું શ્વાન ન આવે તેની સંપૂર્ણ તકેદારી રાખવી જોઈએ.
- ✓ પોતાના શ્વાનને ખુલ્લા વિસ્તારમાં ચાલવા કે ફરવા લઈ જતી વખતે સાવચેત રહેવું.
- ✓ બીમાર અને અસરગ્રસ્ત શ્વાન ઘરની અંદર સેવાભાવે રાખો તો તેને પોતાના પાલતું શ્વાનથી દુર રાખવું.
- ✓ સેવાભાવે કોઈ અસરગ્રસ્ત શ્વાનને પશુદવાખાને લઈ ગયા હોય તો સારવાર અને તમામ જરૂરી કામગીરી બાદ પોતાના હાથ અને વસ્ત્રો વ્યવસ્થિત ધોવા જરૂરી છે. આમ કરવાથી તંદુરસ્ત શ્વાન કે અન્ય બીમારીથી પીડિત શ્વાનને આ રોગ લાગવાની સંભાવના ઓછી રહે છે.
- ✓ સંકુલમાં વધારે સંખ્યામાં શ્વાન રાખતા હોય તો બીમાર શ્વાન માટે અલાયદી રહેણાંક વ્યવસ્થા કરવી જોઈએ.



Official Website
www.thescienceworld.net
thescienceworldmagazine@gmail.com
Published 06/01/2026